# સોહામણું ગાંધીનગર સાચા અર્થમાં હવે સ્માર્ટ બનશે

## શહેરમાં ફાઇવ સ્ટાર હોટલ, મેટ્રો રેલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ, નવી ટ્રેઇનો પણ ગાંધીનગરના પોકેટમાં આવશે

ઘ-૪ અને ગ-૪ પાસે અન્ડર પાસ બનતા સ્વર્ણિમ પાર્કનુ મહાત્મા મંદિરથી વિધાનસભા સુધી સળંગ જોડાણ થતા પ્રધાનમંત્રીનુ સ્વપ્ન સાકાર થશે : ગ માર્ગ સહીતના રોડ નં -૬ અને ૭ પણ સિક્સલેન બનશે : સેકટરોના એપ્રોચ માર્ગ ફોર ટ્રેક બનશે :રીંગ રોડ પણ પહોળા થશે : નગરજનોને ૨૪ કલાક મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરાશે : સેકટરોમાં નવી મુખ્ય લાઇન નાંખવામાં આવતા ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવશે : સેકટરોના બગીચાઓમાં ગ્રીનસ્પેસ વધારી નયનરમ્ય બનાવાશે : મહાનગરપાલિકાનો આંતરિક વહીવટ પેપરલેસ થશે : નાગરિકો ઓનલાઈન પ્રોપર્ટી ટેક્ષ ભરી શકશે : સ્માર્ટ પોલના માધ્યમથી મોનિટરીંગ થશે :વાહન ચાલકોએ ગતિ નિયંત્રણનો અમલ કરવો પડશે





ગાંધીનગર તા ૧

ગાંધીનગરના જન્મદિવસ છે. ત્યારે આવતીકાલનુ ગાંધીનગર કેવુ હશે તે અંગે આમ નાગરિકોના મનમાં પણ અનેક શમણાંઓ રાચી રહ્યા છે. સ્માર્ટ સીટીનો દરજ્જો મેળવ્યા બાદ ગાંધીનગરમાં બ્યુટીફિકેશન સહીત વિકાસના અનેક નવતર પ્રોજેકટોનુ કામ હાથ ધરવા માટે સ્માર્ટ સીટીની ટીમ કાર્યરત છે.શહેરમાં આગામી દિવસોમાં ફાઈવ સ્ટાર હોટલ , મેટ્રો રેલ, સહીતના મહત્વકાંક્ષી પ્રોજેકટનુ કામ પણ પુર્ણ કરાશે આ ઉપરાંત સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ પણ બનશે. જયારે શહેરના મુખ્યમાર્ગોનો નઝારો પણ બદલાશે. કેપિટલ સ્ટેશનના વિકાસના અંતે નવી ટ્રેઈનો પણ ગાંધીનગર સ્ટેશન પર આવશે. મુખ્ય ઘ અને ગ માર્ગ પર અન્ડરપાસના માધ્યમથી સ્વર્ણિમ પાર્કનુ મહાત્મા મંદિરથી વિધાનસભા વચ્ચે સીધુ જોડાણ કરવાનુ પી એમ નુ સ્વપ્ન પણ સાકાર થશે. સેકટરોના બાકી રહેતા મુખ્યમાર્ગો સિક્સલેન કરાશે. સેકટરોના એપ્રોચ રસ્તાઓ પણ ફોર ટ્રેક થશે. સેકટરોના રીંગ રોડ પણ પહોળા થશે. સેકટરોમાં ઉભરાતી ગટરોની સમસ્યા પણ હલ થશે. ૨૦૦ કરોડના ખર્ચે નવી મુખ્યલાઈન નાંખવામાં આવશે. શહેરમાં ૨૪ કલાક મીટર પધ્ધિતિથી પાણી સપ્લાય કરાશે. જયારે સેકટરોના ઉદ્યાનો પણ નમનરમ્ય બનશે. શહેરમાં સી સી કેમેરા અને સ્માર્ટ પોલના ઉપયોગ સહીત નગરમાં ગતિનિયંત્રણ વગર દોડતા વાહનો પર રોક લગાવાશે. આવતીકાલના ગાંધીનગરને સાચા અર્થમાં સ્માર્ટ સીટી બનાવવા હાલ નવતર ડગ મંડરાઈ રહ્યા છે.

ગાંધીનગરનો આજે ૫૫ મો જન્મદિવસ છે. કર્મચારી નગર, સ્વચ્છ , સુંદર શાંત અને હરિયાળા શહેર તરીકેની છાપ જનમાનસમાં અંકિત થયેલી છે.એક જમાનામાં અનહદ હરિયાળી વનરાજીથી ઘેરાયેલા શહેરનો મિજાજ અને નઝારો કાંઈક અલગ હતા. પાટનગર હોવાના નાતે રાજકીય ગતિવિધિઓથી ઘેરાયેલા નગરમાં ધીમે ધીમે વિકાસના નવા આયામો વચ્ચે ઘણુ બધુ જુનુ વિસરાયુ અને નવુ આવ્યુ. સાડા પાંચ દાયકા દરમિયાન ધીમે ધીમે શહેરનુ આધુનિકરણ અને નવિનીકરણ થતુ આવ્યુ છે. શરૂઆતમાં ૧૦ થી ૧૨ હજારની વસતીના ધોરણે ૯

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરની ગઈકાલ સાચા અર્થમાં ગ્રીન હતી

ગાંધીનગર તા ૧

**આંબાવાડીમાં ચકલીઓ ચી.. ચી. કરતી કોયલનો ટહુકાર પણ મનભાવન હતો : નગરની વસતી ૧૦ હજારની હતી : ૯ સેકટરોમાં વસવાટ હતો : રહીશો ઘરમાં જ શાકભાજી ઉગાડતા હતા : કીચન ગાર્ડનની સ્પર્ધા પણ નગરની હરિયાળીને વધુ તરોતાજા રાખતી હતી : ૧૦ હજારની વસતી ધરાવતા નગરમાં સે-૨૮ નો બાગીચો અને ગુલાબઉદ્યાન આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા : ઝુંપડા, દબાણ અને પ્રદુષણમુક્ત શહેર સો ટકા શિક્ષિત દર ધરાવતુ હતુ : સેકટરોમાં ત્રણ ટાઇમ પાણી સપ્લાય થતુ હતુ : અરૂણ બુચ**

ગાંધીનગર શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારે આંબાવાડીયુ હતુ. કેસર કેરી લેવા માટે જુનાગઢ જવુ પડતુ ન હતુ. આંબાવાડીમાં આખો દિવસ ચકલી ચી..ચી અને કોયલનો ટહુકાર સંભળાતો હતો. નગરનુ ગુલાબઉદ્યાન પણ સમગ્ર શહેરમાં મહેક પ્રસરાવતુ હતુ. ગુલાબઉદ્યાનમાં ૧૪૯ પ્રકારના રંગબેરંગી ગુલાબો નિખરતા હતા. આવા પ્રદુષણમુકત શહેરમાં વૃક્ષોની વનરાજી વચ્ચે ઠેર ઠેર હરિયાળી હરિયાળી જ હતી. આ દરમિયાન સેકટરોમાં વસવાટ શરૂ થતા આનુસંગિક સુવિધાઓ પણ ઉભી થઈ હતી. તે વેળાએ સે-૧૬ થી ૨૩ અને સે-૨૮ અને સે-૨૯ હતા. જેમાં કર્મચારીઓના વસવાટ માટે રહેણાંકના મકાનો પણ બનાવાયા હતા. શહેરની વસતી અંદાજિત ૧૦ થી ૧૨ હજારની હતી. જયારે આ આવાસોમાં દિવસમાં ત્રણ ટાઈમ પાણી સપ્લાય કરાતુ હતુ. પ્રચુર હરિયાળીથી ભરપુર નગરના સેકટરોમાં રહેતા વસાહતીઓમાં કીચન ગાર્ડન અને ગાર્ડનની સ્પર્ધા પણ યોજવામાં આવતી હતી. જેમાં વિજેતાઓને ઈનામ પણ એનાયત કરાતા હતા. સરકારી આવાસમાં રહેતા વસાહતીઓ પોતાના ઘરના આંગણામાં જ શાકભાજીની ખેતી કરતા હતા. સેકટરોમાં વસવાટ કરતા શહેરીજનો માટે સેકટર મુજબ ઉદ્યાનો , રંગમંચ , દવાખાના, પોલીસ સ્ટેશન, પોસ્ટ કચેરીની પણ સુવિધા હતી. દરેક સેકટરે બે પ્રાથમિક શાળા અને ત્રણ સેકટરે એક સરકારી માધ્યમિક શાળા કાર્યરત હતી. જયારે સેકટરોના બગીચા ઉપરાંત શહેરીજનો અને અમદાવાદથી આવતા મુલાકાતીઓમાં સે-૨૮ નો બાલોઉદ્યાન આગવુ આકર્ષણ ધરાવતો હતો. શહેરના મુખ્યમાર્ગો ફોરટ્રેક હતા. આ ઉપરાંત શહેરમાં અન્ડર ગ્રાઉન્ડ ૧૩ રસ્તા હતા અને આ પૈકી હાલ તમામ રસ્તા બંધ છે. જયારે આમ નાગરિકો માટે ત્રણ સેકટરો વચ્ચે એક ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટર કાર્યરત હતુ. સેકટરોમાં રેશનીંગની દુકાનો પણ શરૂ થઈ હતી. ગાંધીનગરના અગ્રણી અને શહેરના વિકાસમાં સિંહફાળો ધરાવતી સંસ્થા શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે ગાંધીનગરની

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગરનો શિક્ષણ ક્ષેત્રે વિશ્વ કક્ષાએ ડંકો વાગશે : વલ્લભભાઈ પટેલ

ગાંધીનગર તા ૧

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. શહેરના હાઈટેક વિકાસ વચ્ચે વધતી વસતી સાથે સ્પર્ધાત્મક શિક્ષણનો અભિગમ પણ વધુ મજબુત બન્યો છે. શિક્ષણ ક્ષેત્રે નગર શરૂઆતથી જ આગળની હરોળમાં છે. જયારે સમયના બદલાતા વહેંણ સાથે તાલમેલ કરતા શહેરમાં સરકારી શાળાઓથી શરૂ થયેલુ શિક્ષણ આજે કે જી થી પી જી સુધી પહોંચી ગયુ છે. શહેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ બહારગામથી અહીં વસવાટ કરીને શિક્ષણ મેળવતા યુવક યુવતિઓની સંખ્યા પણ વિશેષ છે. ગુજરાત ભારતનુ ગ્રોથ એન્જિન છે. જેનુ મુખ્ય પરિબળ ગાંધીનગર છે.વૈશ્વિક ઉદારીકરણમાં જમાનો બદલાઈ રહ્યો છે. ત્યારે વિશ્વ સાથે તાલમેલ કરવા નગર સજ્જ છે. ટેકનોલોજી અને વારસો બન્નેનો સાચો સમન્વય ગાંધીનગરમાં જોવા મળી રહ્યો છે. ત્યારે ગાંધીનગરમાં શ્રેષ્ઠ શિક્ષણની સેવા પુરી પાડવા માટે કડી સર્વ વિશ્વ વિદ્યાલય કડી કેમ્પસ કાર્યરત છે. શિક્ષણક્ષેત્રે આજના વિદ્યાર્થીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ મેળવતા યુવક યુવતિઓની તેજસ્વી પ્રતિભાને નિખારવા માટે સંસ્થા પ્રયત્નશીલ છે. ગાંધીનગરના વિદ્યાર્થીઓનુ ભવિષ્ય ઉજ્જવળ છે. ઉમદા શિક્ષકો , સાહીત્યકારો, કવિઓ અને જાણીતા શિક્ષણવિદો શિક્ષણક્ષેત્રે નવી કેડી કંડારવા સતત પ્રયત્નશીલ છે. શિક્ષણની દ્રષ્ટીએ ગાંધીનગરની આવતીકાલ ઉજ્જવળ છે. હાલ ગાંધીનગરમાં અનેકવિધ શિક્ષણસંસ્થાઓ કાર્યરત છે. શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીના લીધે વિવિધ ફેકલ્ટીઝનુ યોગ્ય શિક્ષણ ઘર આંગણે જ મળી રહે છે. હાઈટેક વિકાસના નવા આયામો વચ્ચે વધતા સાક્ષરતા દરની સાથે શિક્ષણમાં ટેકનોલોજીનો સમન્વય સાથે આજના યુવાનો પ્રગતિની નવી કેડી કંડારી રહ્યા છે. આગામી દિવસોમાં ગાંધીનગર શિક્ષણ ક્ષેત્રે વિશ્વ કક્ષાએ ડંકો વગાડશે તેવો ચોક્કસ વિશ્વાસ છે.

Pretty Women Club
Presents
rakhi FESTIVAL'19
EXHIBITION & SALE
Date : 2-3 August'19 (Fri-Saturday)
Time : 10.00 AM to 9.30 PM
Inauguration by : Mayor Ritaben Patel
Venue : @ Uma Samaj Bhavan, Umiya Mataji Sansthan, Nr.Balram Bhavan, Opp. Court Building, Sector-12, Gandhinagar
Shilpa Desai - 94286 92676 • Daxa Jadav - 98790 57978

## મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીનો આજે ૬૩મો જન્મદિવસ

ગાંધીનગર, તા.૧

રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો આજે ૬૩મો જન્મદિવસ છે. સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે લોકચાહના મેળવનાર મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા ૩ વર્ષમાં અનેક જનકલ્યાણના નિર્ણયો કર્યા છે. સાંસ્કૃતિક, સામાજીક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં શ્રી વિજયભાઈ રૂપાણીએ રસ-રૂચિ દાખવી ગુજરાતને સંસ્કારી રાજ્ય બનાવવા અસરકારક ભૂમિકા ભજવી છે. પૂરગ્રસ્તો કે કુદરતી પડકારો સામે તંત્રને સતત ધબકતું રાખતા મુખ્યમંત્રી રાજ્યભરમાંથી પ્રસસ્તિ મેળવી રહ્યા છે. અબોલ પશુ-પક્ષી અને દિનદુખિયાઓ માટે સંવેદનશીલ સહાય કરવાનું ન ચૂકતા વિજયભાઈ રૂપાણી જાહેર જીવનમાં અનેક સીમાચિન્હના ચીલા ચાતર્યા છે. એમનો જન્મદિવસ રાજકોટમાં દિવ્યાંગ બાળકો સાથે આજે ઉજવવાના છે.



## કે. કૈલાસનાથન્ સરદાર સરોવર નિગમના ચેરમેન નિમાયા

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી રૂપાણીના કાર્યાલયમાં ખાસ પ્રિન્સીપલ સચિવ તરીકેની ફરજો બજાવતા કે. કૈલાશનાથન્ને સરદાર સરોવર નર્મદા નિગમના ચેરમેન તરીકે વધારાની જવાબદારી સોંપવામાં આવી છે.

આ નિગમમાં અગાઉ ચેરમેન તરીકે એસ.એસ. રાઠૌર ફરજો બજાવતા હતા તેમની નિમણુંક મેટ્રો પ્રોજેક્ટમાં થતાં આ જગ્યા પર કે. કૈલાશનાથન્ની નિમણુંક કરવામાં આવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

જોઈએ છે
હેલ્પર ભાઈઓ તથા બહેનો
M. 93280 44788 • M. 98254 56295

લીલાવતી આંખની હોસ્પિટલ
સમય બદલેલ છે
હવે સોમ થી શનિ
સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮
ડો. પાર્થ એન. ખત્રી
M.B.B.S., M.S.(D.O.)
B. J. Medical Ahmedabad.
પહેલો માળ, શ્રદ્ધાદીપ લેબોરેટરીની ઉપર, ઘ-૪ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર

ગાંધીનગરના જન્મદિને સૌ નગરવાસીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ...
ઘી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લી. ગાંધીનગર
સી-૭/૮, શ્રી પોપટલાલ દાણી ભવન, અપના બજાર, સેક્ટર-૨૧, ગાંધીનગર
બોર્ડ ઓફ ડીરેક્ટર્સ
શ્રી કાલીદાસ વી. પટેલ - ચેરમેન
શ્રી પ્રકાશભાઈ આર. પટેલ - વાઈસ ચેરમેન
શ્રી પ્રહલાદભાઈ એસ. પટેલ - મેનેજીંગ ડિરેક્ટર
શ્રી ડાહ્યાભાઈ ટી. પટેલ - ડિરેક્ટર
શ્રી બિપીનભાઈ વી. પટેલ - ડિરેક્ટર
શ્રી ચંદુભાઈ એચ. પટેલ - ડિરેક્ટર
શ્રી અશોકકુમાર સી. પટેલ - ડિરેક્ટર
શ્રી નટવરલાલ આર. પટેલ - ડિરેક્ટર
શ્રી પ્રહલાદભાઈ આઈ. પટેલ - ડિરેક્ટર
શ્રી ગણેશભાઈ શંકરલાલ પટેલ - ડિરેક્ટર
શ્રીમતી ભાવનાબેન બી. પટેલ - ડિરેક્ટર
શ્રીમતી ઉર્વીબેન પંકજભાઈ પટેલ - ડિરેક્ટર
શ્રી ડાહ્યાભાઈ શિવરામભાઈ પરમાર - ડિરેક્ટર
શ્રી તેજસ પ્રહલાદભાઈ પટેલ - ઈનચાર્જ જનરલ મેનેજર
શ્રી લક્ષ્મણભાઈ રતિલાલ પટેલ - બ્રાન્ચ મેનેજર

પાટનગર ગાંધીનગરના જન્મદિને નગરના ભાઈ-બહેનોને
હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ....
ઘી ગાંધીનગર નાગરિક કો-ઓપ. બેન્ક લિ.
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૩૯૧, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોન : ૨૩૨૨૧૯૮૫, ૨૩૨૪૭૨૧૫
બેન્ક એટલે નાગરિક... નાગરિકે એટલે... નાગરિક બેન્ક... આપની સેવામાં...

| પ્રગતિને સોપાન (૩૧-૩-૨૦૧૯) | | થાપણો પર આકર્ષક વ્યાજના દરો | |
|---|---|---|---|
| શેર ભંડોળ | ૪૬૧.૨૪ લાખ | ૧૫ દિવસથી ૪૫ દિવસ | ૪.૫૦ % |
| ડિપોઝીટ | ૧૭૭૮૪.૬૫ લાખ | ૪૬ દિવસથી ૯૦ દિવસ | ૫.૦૦ % |
| ધિરાણો | ૯૬૧૭.૯૨ લાખ | ૯૧ દિવસથી ૩૬૫ દિવસ | ૬.૦૦ % |
| કાર્યકારી ભંડોળ | ૨૨૨૨૬.૫૪ લાખ | ૩૬૬ દિવસ અને તેથી ઉપર પરંતુ ૬૦ માસ | ૬.૫૦ % |

નોંધ : સિનીયર સીટીઝનને (ઉંમર ઓછામાં ઓછી ૬૦ વર્ષ) ૦.૨૫ % વધુ વ્યાજ આપી શકશે.

શ્રી લાલસિંહ કે. વાઘેલા - ચેરમેન
શ્રી મનુભાઈ બી. પટેલ - વાઈસ ચેરમેન
શ્રી નરેન્દ્રભાઈ એમ. શાહ - મેનેજીંગ ડિરેક્ટર
બોર્ડ ઓફ ડિરેક્ટર્સ
શ્રી અશોકભાઈ જી. પટેલ | શ્રી જયંતિભાઈ એમ. પટેલ | ડો. હિમાંશુ પટેલ
શ્રી પ્રવિણકુમાર ડી. પટેલ | શ્રી વિક્રમભાઈ કે. પટેલ | શ્રી વિષ્ણુભાઈ આઈ. પટેલ
શ્રી અશોકભાઈ આર. પટેલ | શ્રી ચંન્દ્રકાન્તભાઈ સી. પટેલ | શ્રી બિપીનભાઈ વી. પટેલ
શ્રી ઘનશ્યામભાઈ કે. પટેલ | શ્રી વિપુલભાઈ આર. પટેલ | (પ્રો. કો-ઓપ્ટ)

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com